ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગરના પત્ર-ક્રમાંક
જીસીઈઆરટી/સી એન્ડ ઈ/2014/1109, તા. 17-05-2014 - થી મંજૂર

# ENGLISH

## Teacher's Navigator-1

(Second Language)

## Standard 3

### PLEDGE

India is my country.

All Indians are my brothers and sisters.

I love my country and I am proud of its rich and varied heritage.

I shall always strive to be worthy of it.

I shall respect my parents, teachers and all my elders and treat everyone with courtesy.

I pledge my devotion to my country and its people.

My happiness lies in their well-being and prosperity.

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર ૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય-સલાહકાર**
ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજા
ડૉ. મહેન્દ્ર ચોટલિયા

**સમીક્ષક**
ડૉ. રામચંદભાઈ જી. પ્રજાપતિ
શ્રી રોહિત જે. ખમાર

**લેખન-સંપાદન**
ડૉ. અલકા મેકવાન
શ્રી અન્ના પટેલ
શ્રી અજિત થોસર

**સમીક્ષા**
ડૉ. પીયૂષ જોષી
ડૉ. સુલભા નટરાજ
ડૉ. જયેશ સુતરિયા
શ્રી સંગીતા ખુમાણ

**ચિત્રાંકન**
લજ્જા કૉમ્યુનિકેશન્સ
વલ્લભ વિદ્યાનગર

**સંયોજન**
શ્રી ક્રિશ્વા દવે
(વિષય-સંયોજક : અંગ્રેજી)

**નિર્માણ-આયોજન**
શ્રી સી. ડી. પંડ્યા
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**
શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

RTE-2009 તેમજ NCF-2005 ને ધ્યાનમાં રાખીને સમગ્ર દેશમાં પ્રાથમિક શિક્ષણના અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તક તેમજ સમગ્ર શિક્ષણ-પ્રક્રિયામાં બદલાવ થઈ રહ્યો છે. આ બદલાવ મુખ્યત્વે જે-તે વિષયો અંગેની આપણી સમજ તેમજ શિક્ષણ-પ્રક્રિયા અંગેની સમજ અંગેનો છે. બાળકની સર્જનશીલતા, વિચારશક્તિ, તર્કશક્તિ અને પૃથક્કરણ કરવાની આવડત વિકસે એ નવા અભ્યાસક્રમનો મુખ્ય હેતુ છે. પાઠ્યપુસ્તકોમાં આપવામાં આવેલી પ્રવૃત્તિઓ એવી રીતે યોજવામાં આવી છે કે, જેથી પ્રવૃત્તિ પછી એ અંગે ચર્ચા અથવા ચિંતન થાય, ઉપયોજન થાય અને શું શીખ્યા એ પણ તારવી શકાય. બાળકોને અવારનવાર વ્યક્તિગત રીતે તેમજ સામૂહિક રીતે નાનાં કે મોટાં જૂથમાં કામ કરવાનો-ભણવાનો અવસર મળે એવી અધ્યયન-સામગ્રી છે. અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા દરમિયાન આવું વાતાવરણ સર્જવા શિક્ષકપક્ષે અધ્યાપનશાસ્ત્રીય સૂઝ વિકસે તે આવશ્યક છે. **English Teacher's Navigator I** શિક્ષકને આ દિશામાં સમૃદ્ધ કરવા માટેનો એક ready to use Resource છે.

નવા અભ્યાસક્રમ, પાઠ્યક્રમ અને પાઠ્યપુસ્તકોના નિર્માણની સમગ્ર પ્રક્રિયામાં માન. અગ્રસચિવશ્રી (શિક્ષણ) તેમજ માન. અગ્રસચિવશ્રી (પ્રાથમિક શિક્ષણ) તરફથી સતત પ્રેરણા અને પ્રોત્સાહન મળી રહ્યા છે.

UNICEF અને H. M. Patel Institute of English Training and Research નો સહયોગ આ આખી પ્રક્રિયા દરમિયાન મળ્યો છે. જે-તે વિષયના કોર ગ્રૂપના સભ્યોએ પણ વખતોવખત સહયોગ આપ્યો છે.

રાજ્યવ્યાપી અમલીકરણ પૂર્વે વિષય-તજ્જ્ઞો અને શિક્ષકો તરફથી મળેલાં સૂચનો ધ્યાને લઈને ધોરણ 3 થી 5ની આ શિક્ષકઆવૃત્તિમાં સુધારો કરવામાં આવ્યો છે. અગાઉની આવૃત્તિનાં સારાં પાસાંઓને યથાવત્ રાખીને કેટલાંક નવાં પાસાંઓ પણ ઉમેર્યાં છે. આ શિક્ષકઆવૃત્તિને ક્ષતિરહિત બનાવવા પ્રયત્ન કર્યો છે, છતાં ક્ષતિ રહી ગઈ હોય તો ધ્યાન દોરવા વિનંતી છે.

| ડૉ. આર. યુ. પુરોહિત | ડૉ. ભરત પંડિત | ડૉ. નીતિન પેથાણી |
|---|---|---|
| નિયામક | નિયામક | કાર્યવાહક પ્રમુખ |
| (જીસીઈઆરટી) | (પાઠ્યપુસ્તક મંડળ) | (પાઠ્યપુસ્તક મંડળ) |

તા. 31-3-2014 ગાંધીનગર

પ્રથમ આવૃત્તિ : 2014

પ્રકાશક અને મુદ્રક : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર ૧૦-એ, ગાંધીનગર વતી ભરત પંડિત, નિયામક
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર વતી ડૉ. આર.યુ. પુરોહિત, નિયામક (જી.સી.ઈ.આર.ટી.)

# FUNDAMENTAL DUTIES

It shall be the duty of every citizen of India : *

(a) to abide by the Constitution and respect its ideals and institutions, the National Flag and the National Anthem;

(b) to cherish and follow the noble ideals which inspired our national struggle for freedom;

(c) to uphold and protect the sovereignty, unity and integrity of India;

(d) to defend the country and render national service when called upon to do so;

(e) to promote harmony and the spirit of common brotherhood amongst all the people of India transcending religious, linguistic and regional or sectional diversities; to renounce practice heritages derogatory to the dignity of women;

(f) to value and preserve the rich heritage of our composite culture;

(g) to protect and improve the natural environment including forests, lakes, rivers and wild-life, and to have compassion for living creatures;

(h) to develop the scientific temper, humanism and the spirit of inquiry and reform;

(i) to safeguard public property and to abjure violence;

(j) to strive towards excellence in all spheres of individual and collective activity so that the nation constantly rises to higher levels of endeavour and achievement;

(k) who is a parent or guardian to provide opportunities for education to his child or, as the case may be, ward between the age of six and fourteen years;

*Constitution of India : Section 51-A

# Content


- **Section I : Activity Treasure** 1

1. Clap Your Hands 1
2. What is This? 8
3. Grapes : Green and Juicy 15
4. Where is It? 23
5. My Classroom, My Teacher 31
6. I Like English 36

- **Section II : Picture Treasure** 42
- **Section III : My Collection** 91

## આ પુસ્તક વિશે...

ભાષા-શિક્ષણના ક્રમથી તો આપ પરિચિત હશો જ. માનવમાત્રમાં શ્રવણ-કથન (ક્રિયાકરણ), વાચન-લેખનના ક્રમમાં ભાષા-કૌશલ્ય કેળવાય છે. ધોરણ 1માં માતૃભાષા વાચનનું પગલું શરૂ કરી રહેલ બાળક પાસે શાળાપ્રવેશ-પૂર્વે પાંચ વર્ષનો શ્રવણ-કથન અને ક્રિયા સાથે ભાષાસંબંધનો અનુભવ છે. ધોરણ 3 અંગ્રેજી ભાષા-અધ્યયનનું પ્રથમ વર્ષ હોવાથી આપણા અધ્યાપન દરમિયાન નીચેની બાબતો પર ખાસ ધ્યાન આપીશું :

- બાળકોને અંગ્રેજી અભિવ્યક્તિઓના શ્રવણનો મહત્તમ મહાવરો પૂરો પાડીશું.
- તમને લાગે કે શ્રવણના મહાવરાને કારણે વિદ્યાર્થીઓ કેટલીક અભિવ્યક્તિઓના કથન માટે તૈયાર થઈ ગયા છે, તો જ કથન સ્વરૂપે થઈ રહેલા અંગ્રેજી output પર ભાર આપો.
- ચિત્રો, Rhymes, વાર્તા અને પ્રવૃત્તિઓ દ્વારા મહત્તમ input આપો. શ્રવણનો મહાવરો વધુ ને વધુ આપવો. વિદ્યાર્થીઓને નિષ્ક્રિય શ્રોતા બનાવવાને બદલે Listen and Do, Listen and Draw, Listen and Respond જેવી પ્રવૃત્તિમાં જોડવાથી શ્રવણ-અર્થગ્રહણ વધુ સઘન બનાવી શકશો, જેના દ્વારા વિદ્યાર્થીઓમાં અંગ્રેજી અભિવ્યક્તિઓના કથન માટેનો આધાર સાહજિક રીતે જ રચાઈ જશે.
- અંગ્રેજી input નું ભાષાંતર કદાપિ કરવું નહિ. ચિત્રો અને ક્રિયા સાથે અંગ્રેજી અભિવ્યક્તિઓના અર્થ જોડાય તે જરૂરી છે.
- એક પ્રવૃત્તિ એકથી વધુ વાર કરાવવાથી શ્રવણ-કથન માટે વધુ મહાવરો મળશે. પ્રવૃત્તિમાં તમારી સ્થાનિક પરિસ્થિતિ પ્રમાણે વૈવિધ્ય લાવશો, તો તમને પણ અંગ્રેજી-અધ્યાપનમાં આનંદ અને કંઈક નવું કર્યાનો સંતોષ મળશે.
- આ પુસ્તકનું પરિરૂપ આ મુજબ છે. આ પુસ્તકમાં ત્રણ વિભાગો છે :

**વિભાગ 1:**

**Activity Treasure**

Language Functions આધારિત 6 Units માં Rhymes, વાર્તા, ચિત્ર-સંકલન પ્રવૃત્તિ, ભાષારમત, સમાકલિત પ્રવૃત્તિ અને મૂલ્યાંકન-પ્રવૃત્તિનો એક focused set આ વિભાગમાં છે.

**વિભાગ 2:**

**Picture Treasure**

પ્રથમ વિભાગમાં સૂચિત પ્રવૃત્તિઓ કરવા માટે જે ચિત્રોનો ઉપયોગ અપેક્ષિત છે, તેનું Collection આ વિભાગમાં છે. આ વિભાગની પ્રવૃત્તિઓ કરાવતી વખતે અંગ્રેજી input (પરિસ્થિતિ કે ક્રિયા વગર) રજૂ કરવાને બદલે, ચિત્રો સાથે રજૂ કરવાથી અંગ્રેજી અભિવ્યક્તિઓ અર્થપૂર્ણ બની રહેશે. આ ઉપરાંત, જે યુનિટમાં ચિત્રનો ઉપયોગ સૂચવ્યો છે, તે પ્રવૃત્તિ માટે જ મર્યાદિત ન રાખતાં અન્ય પ્રવૃત્તિમાં પણ ઉપયોગ કરી શકાય.

**વિભાગ 3:**

**My Collection**

પ્રથમ વિભાગમાં આપેલી પ્રવૃત્તિઓ યથાતથ કરવા ઉપરાંત તમારી સ્થાનિક પરિસ્થિતિ, વિદ્યાર્થીઓના રસ તથા ક્ષમતાને અનુલક્ષીને તમે નવાં ચિત્રોનો સંગ્રહ કરી પ્રવૃત્તિમાં વૈવિધ્ય લાવી શકો. તમારા પક્ષે પ્રવૃત્તિને નવી રીતે, નવાં ચિત્રો સાથે કરી શકવાનો અવકાશ અહીં ઊભો કરવા કેટલાંક કોરાં પેજ આપેલાં છે. શિક્ષકમિત્રો પોતાની સર્જનાત્મકતા અને સક્રિયતાની ઝલક આ વિભાગમાં આપી આ શિક્ષક-આવૃત્તિને 'પોતીકી બનાવશે તેવી અપેક્ષા છે.

વિભાગ 1માં સમાવિષ્ટ Language function based Activity Treasureનું પરિરૂપ આ મુજબ છે.

### ACTIVITY : Sing and Dance

આ પ્રવૃત્તિમાં આપેલી rhyme કે songનું એકથી વધુ વાર ગાન, ઝીલગાન તથા ક્રિયા સાથેનું ગાન અપેક્ષિત છે. આમ કરવાથી targeted language function માટેની અંગ્રેજી-અભિવ્યક્તિઓના અર્થ સ્પષ્ટ બનશે.

**ACTIVITY : Play and Learn**

આ પ્રવૃત્તિમાં Language Functionને લગતા input play-way methodથી રજૂ કરવાનો અવકાશ છે. રમતનું વિગતવાર વર્ણન આપેલ છે, જેને અનુસરવાથી રમત રમવા/રમાડવાની વિદ્યાર્થીઓને મજા પણ પડશે તથા અંગ્રેજી input પણ તેમના કાને પડશે તથા તેને સમજવાની જરૂરિયાત તેમના પક્ષે ઊભી થશે.

**ACTIVITY : Listen and Enjoy**

આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓ પક્ષે જાણીતી હોય તેવી વાર્તા મૂકવામાં આવી છે. વાર્તામાં language functionમાં સમાવિષ્ટ patterns અને vocabulary વણી લેવાયાં છે. વાર્તાનું વાચન, ચિત્ર બતાવી વાચન, ક્રિયા સાથે કથન કરવાથી અંગ્રેજી inputના શ્રવણ-અર્થગ્રહણને સઘન બનાવી શકાશે.

**ACTIVITY : Look and Learn**

આ પ્રવૃત્તિનો હેતુ વિદ્યાર્થીઓ ચિત્રો અને અંગ્રેજી inputનું જોડાણ કરે તે છે. આ પ્રવૃત્તિ માટે આપેલા inputને ચિત્રો સાથે જોડવા સૂચના મુજબ અનુસરો. ચિત્રો Picture Treasure વિભાગમાં આપેલાં છે. My Collection વિભાગમાં પણ તમે ચિત્રોનો સંગ્રહ કરી વૈવિધ્ય લાવી શકશો.

**ACTIVITY : Listen, Do and Learn**

અહીં, ઉપર્યુક્ત ચાર પ્રવૃત્તિમાં તમારા દ્વારા રજૂ થયેલા બધા inputનું શક્ય તેટલા પ્રમાણમાં સંકલન કરી એવી પ્રવૃત્તિ બનાવવામાં આવી છે, જે શીખેલા inputના વધુ દૃઢીકરણ માટેનો અવકાશ ઊભો કરશે.

**ACTIVITY : Learn, Check and Learn**

આ પ્રવૃત્તિ એક રીતે જોતાં પ્રવૃત્તિ – Listen, Do and Learn જેવી જ છે, જેમાં દૃઢીકરણની સાથે વિદ્યાર્થીઓ કેટલું અંગ્રેજી શીખ્યા તે ચકાસવાનો હેતુ પણ છે. એટલે કે આ પ્રવૃત્તિ મૂલ્યાંકન માટેની છે. શીખવાની પ્રક્રિયા દરમિયાન જે કાંઈ ઊણપ રહી ગઈ હોય તેને આ પ્રવૃત્તિ દ્વારા તમે ચકાસો અને પ્રવૃત્તિ કરતાં કરતાં તેમાં સુધારો લાવવા પ્રયત્ન પણ કરો. આ પ્રવૃત્તિ મૂલ્યાંકનની છે પણ તેનું સ્વરૂપ informal જ રાખશો. વિદ્યાર્થીઓનું અંગ્રેજી ચકાસી રહ્યા છો તેવું વાતાવરણ ઊભું થવા દેશો નહિ. વર્ષ દરમિયાન તમારે કરવાના મૂલ્યાંકનમાં આ પ્રવૃત્તિઓ ઉપયોગી થશે જ.

ઉપરોક્ત બધી જ પ્રવૃત્તિઓ કરાવતી વખતે નીચેની બાબતો પણ ધ્યાનમાં રાખશો :

- જે-તે પ્રવૃત્તિની સૂચનામાં પ્રવૃત્તિ માટેનો હેતુ વણી લેવાયો છે. આથી પ્રવૃત્તિ કરાવતાં પહેલાં 'Why' (પ્રવૃત્તિ શા માટે કરાવવી)ને સમજી લેશો તો 'What' (શું કરાવવું?) અને 'How' (પ્રવૃત્તિ કઈ રીતે કરાવવી?) વધુ અર્થપૂર્ણ બની રહેશે.
- જે-તે પ્રવૃત્તિમાં નિર્દેશિત ચિત્ર Picture Treasureમાં આપેલ છે, તેનો ઉપયોગ અવશ્ય કરશો.
- જે-તે પ્રવૃત્તિમાં આપેલ input એકથી વધુ વાર, ક્રમ ઉલટાવીને, એક યા બીજા સ્વરૂપે રજૂ કરશો, જેથી શ્રવણ-અર્થગ્રહણ માટે વધુ મહાવરો મળશે.
- વધુ inputs રચવા માટે જે-તે પ્રવૃત્તિમાં આપેલ Blank Spaceમાં વર્ગખંડ પરિસ્થિતિ, વિદ્યાર્થીઓના રસ અને ક્ષમતા તથા ઉપલબ્ધ અન્ય resources (જેવાં કે Internet)નો ઉપયોગ કરી input નોંધી તેને પ્રવૃત્તિઓમાં સામેલ કરી શકશો.

તો ચાલો... આપણા વિદ્યાર્થીઓને સાહજિક રીતે જ અંગ્રેજીના શ્રવણ-અર્થગ્રહણ તથા કથન માટેની પ્રવૃત્તિઓ માટેનું યોગ્ય વાતાવરણ ઊભું કરીએ.

# Section I : Activity Treasure

## Activity Treasure - 1 — Clap Your Hands

વિદ્યાર્થીઓના માતૃભાષા શીખવાના અનુભવને યાદ કરો. તેઓ માતૃભાષામાં અભિવ્યક્તિ કરતા શીખ્યા તે પહેલાં ઘણા બધા ગુજરાતી શબ્દો, અભિવ્યક્તિઓ સાંભળવાથી, માતૃભાષામાં અભિવ્યક્તિ માટેનો આધાર રચાય છે. ધોરણ 3માં અંગ્રેજી-શિક્ષણનો હેતુ વિદ્યાર્થીઓના કાને અંગ્રેજી input પડે તે છે, અર્થાત્ તેને અંગ્રેજી સાંભળવા મળે તેવી પ્રવૃત્તિઓ કરવાની છે.

પ્રસ્તુત યુનિટમાં વિદ્યાર્થીઓ અંગ્રેજી સૂચનાઓ સાંભળે, તેને સમજે તથા તે મુજબ ક્રિયા કરે તે માટેની સુવિધા ઊભી કરવા વિવિધ પ્રવૃત્તિઓ યોજી છે. **અહીં, વિદ્યાર્થીઓના પક્ષે અંગ્રેજીમાં અભિવ્યક્તિ કરાવવી કેન્દ્રમાં નથી.** આથી, શ્રવણ આધારિત ક્રિયા માટે અંગ્રેજી rhyme, ભાષા-રમત, વાર્તા, ચિત્રો માટેની પ્રવૃત્તિઓ આપવામાં આવી છે. અંગ્રેજી inputs માટેના શબ્દોમાં car, pen, book જેવા Loan-Words (અંગ્રેજી ભાષાના એવા શબ્દો કે જેને આપણી રોજબરોજની વાતચીતમાં ઉપયોગમાં લઈએ છીએ) તથા open, close, eat, give જેવા ક્રિયાપદોનો સમાવેશ થાય છે. Inputs મુજબની ક્રિયા કરાવતી વખતે જો વિદ્યાર્થીઓ આવા શબ્દો કે ક્રિયાપદોનો અર્થ ન સમજે, તો તેનું ગુજરાતીમાં ભાષાંતર કરવાનું ટાળી, તમે તે ક્રિયા કરી બતાવશો તો વિદ્યાર્થીના મનમાં આપોઆપ જે-તે શબ્દનો અર્થ સ્પષ્ટ થઈ જશે. યાદ રાખો... શ્રવણ માટેનો અવકાશ જેટલો વધુ પ્રમાણમાં ઊભો કરશો, તેટલો વધુ સબળ અને સઘન અભિવ્યક્તિ માટેનો આધાર ઊભો કરી શકશો. આથી, અહીં આપેલી પ્રવૃત્તિઓ એકથી વધુ વાર કરાવશો.

### ACTIVITY 1 : Sing and Dance

આ rhymeનું એકથી વધારે વાર ગાન કર્યા બાદ, તેનું line by line ઝીલગાન કરાવો. આમ, કરાવ્યા બાદ વિદ્યાર્થીઓને જૂથમાં rhyme ગાવા જણાવો. Rhymeના અર્થ મુજબ વિદ્યાર્થીઓ ક્રિયા કરે તે માટે નિદર્શન કરી શકાય. ક્રિયા સાથેના ગાનથી વિદ્યાર્થીઓને અંગ્રેજી અભિવ્યક્તિઓના અર્થ આપોઆપ સમજાઈ જશે.

Clap your hands (2)
Listen to the music,
And clap your hands.

Snap your fingers (2)
Listen to the music,
And snap your fingers.

Tap your knees (2)
Listen to the music,
And tap your knees.

Stamp your feet (2)
Listen to the music,
And stamp your feet.

Say "Hello", say "Hello" (2)
Listen to the music,
And say Hello.

આ rhymeના ક્રિયા સહિતના ગાન માટે તમે કેટલીક સૂચનાઓ ઉમેરો. જેમ કે

Close your eyes (2)
Listen to the music,
And close your eyes.

આવી કેટલીક સૂચનાઓ અહીં નોંધો :

ગીતમાં વણી લેવાની વધારાની સૂચનાઓ :

ઉદાહરણ : Raise your hands.

**ACTIVITY 2 : Play and Learn**

વિદ્યાર્થીઓને 'Raja says' રમત રમાડો. આ એક એવી Language game છે કે જેમાં રમત દરમિયાન વપરાતી અંગ્રેજી અભિવ્યક્તિઓ સાહજિક છે. આ રમત દ્વારા વિદ્યાર્થીઓ અંગ્રેજીમાં અપાયેલી સૂચનાઓ સાંભળશે, સમજશે અને તે મુજબ વર્તન કરશે. વળી, રમતને કારણે મજા તો પડશે જ. આ રમત રમાડવા નીચે દર્શાવેલ પ્રક્રિયાને અનુસરો. વિદ્યાર્થીઓને કહો કે આ રમતમાં તેમને કેટલીક સૂચનાઓ આપવામાં આવશે. જેમ કે, Stand up. જો આ સૂચનાઓની આગળ Raja says લગાડવામાં આવે તો વિદ્યાર્થીઓએ આ સૂચના મુજબ અનુસરવું. એટલે કે Teacher સૂચના આપે છે : Raja says, open your notebook. વિદ્યાર્થીઓ પોતાની નોટબુક ખોલશે. પરંતુ જો Teacher સૂચના આપે Open your notebook ! તો વિદ્યાર્થીઓ તે મુજબ અનુસરશે નહિ. જે વિદ્યાર્થીઓ માત્ર સાદી સૂચના મુજબ ક્રિયા કરે તો તે Out...! આમ એક પછી એક સૂચના આપી રમતને આગળ વધારશો. Out થયેલા વિદ્યાર્થીઓને દૂર કરતાં જઈ વિજેતાને તાળીઓથી વધાવો. રમત દરમિયાન જો વિદ્યાર્થીઓ તમારા દ્વારા અપાયેલ સૂચના સમજે નહિ, તો સૂચનાની સાથે ક્રિયા કરી બતાવો, પરંતુ ભાષાંતર કરશો નહિ. જેમ કે

Teacher : Raja says, stamp your feet.

સૂચના આપતી વખતે તમારો પગ જમીન પર પછાડો. આ ક્રિયા જોઈ વિદ્યાર્થીઓ Stamp your feet સૂચનાનો અર્થ સમજી, તે મુજબ ક્રિયા કરશે. આ રમત માટે તમે આ સૂચનાઓ આપી શકો.

Touch your nose/ears/eyes/head /feet.

Clap your hands/snap your fingers.

Stand up/ Sit down/Wave your hand.

Give me your pen/book/pencil.

Hold your friend's hand.

એક સૂચના એકથી વધુ વાર આપી સૂચનાનું શ્રવણ અને અર્થગ્રહણ વધુ દૃઢ કરવું જરૂરી છે.

અન્ય કઈ સૂચનાઓ આ રમત દરમિયાન આપશો, તે અહીં નોંધો. વર્ગખંડ પરિસ્થિતિનો તથા વિદ્યાર્થીના અનુભવક્ષેત્રની અંદરના અંગ્રેજી શબ્દોનો ઉપયોગ વધુ પ્રમાણમાં કરો. જેમ કે, Point your finger to the chart, put your hand on your school-bag. બોલતી વખતે સ્પષ્ટ ઉચ્ચાર કરો, ગતિ ધીમી રાખો.

**Raja says રમત માટેની સૂચનાઓ :**

## ACTIVITY 3 : Look and Learn

નીચેનાં ચિત્રો વિદ્યાર્થીઓને બતાવો. ચિત્રો સાથે યોગ્ય સૂચનાઓનું જોડાણ દૃઢ કરવાનો આ પ્રવૃત્તિનો હેતુ છે.



આ ચિત્ર બતાવી બે સૂચના બોલો :

Open the bottle.
Give me the bottle.

અહીં open, bottle અને give શબ્દથી વિદ્યાર્થીઓ પરિચિત છે, આથી, વિદ્યાર્થીઓને આ સૂચના repeat કરવા કહી શકાય.

હવે આ ચિત્ર બતાવો. આ ચિત્ર સાથે ત્રણ સૂચનાઓ બોલો, જેમાંની એક સાચી અને બે ખોટી હોય. જેમ કે,



Open the door.
Close the door.
Open the window.

ચિત્ર સાથે સંબંધિત યોગ્ય સૂચના આપી વિદ્યાર્થીઓને કોઈ ખાસ ક્રિયાત્મક પ્રતિભાવ આપવા કહો. (જેમ કે હાથ હલાવવો.) ચિત્ર સાથે સંબંધિત ન હોય તેવી સૂચના સાંભળી વિદ્યાર્થીઓને કોઈ બીજો સંકેત આપવા કહો. (જેમ કે માથા પર હાથ મૂકવો.) આ માટે નીચેનાં ચિત્રો બતાવી સાચી-ખોટી સૂચનાઓનું ચિત્ર સાથે જોડાણ દૃઢ કરો.

ચિત્ર 1



ચિત્ર 2



ચિત્ર 3



ચિત્ર 4



ઉપરના દરેક ચિત્ર માટે એક સાચી અને બે ખોટી સૂચનાઓ તૈયાર કરી અહીં નોંધો :

ચિત્ર : 1 સૂચના 1

સૂચના 2

સૂચના 3

ચિત્ર : 2 સૂચના 1

સૂચના 2

સૂચના 3

ચિત્ર : 3 સૂચના 1

સૂચના 2

સૂચના 3

ચિત્ર : 4 સૂચના 1

સૂચના 2

સૂચના 3

ન્યૂઝપેપર કે મેગેઝિનનો આ પ્રવૃત્તિ માટે ઉપયોગ કરી શકાય તેવા પાંચ ચિત્રો ભેગાં કરી 'My Collection' વિભાગમાં ચોંટાડો. આ ચિત્રોનો વર્ગમાં ઉપયોગ કરી વિદ્યાર્થીઓને અંગ્રેજી શ્રવણનો વધુ મહાવરો આપો.

## ACTIVITY 4 : Listen and Enjoy

વાર્તા સાંભળવી વિદ્યાર્થીઓને ગમે છે. વાર્તાના Action સહિતના શ્રવણ દરમિયાન ઘણા અંગ્રેજી શબ્દો તથા અભિવ્યક્તિઓથી વિદ્યાર્થીઓ વાકેફ થઈ શકે તે હેતુથી અહીં THE CAP-SELLER વાર્તા આપેલી છે. આ વાર્તામાં ઘણી

## THE CAP-SELLER

There was a cap-seller. He went from one village to another and sold caps.



One day the cap-seller was sleeping under a tree. He had a cap on his head. There were many monkeys sitting on a branch of the tree. The monkeys saw the cap-seller. They saw him with a cap on his head. They climbed down the tree. The monkeys took the caps from the bag and put them on their heads.

After some time the cap-seller wake up. His bag was empty. He looked here and there, but there were no caps. He looked up and saw the monkeys with caps on their heads. He asked them :



"Give me my caps."

The monkeys said, "No."

The cap-seller remembered his father's advice,

"Throw your cap to get the caps back."

He did so.

The monkeys looked at the cap and remembered the advice of their parents.



"Do not throw your cap. Keep them on your heads."

They did not throw their caps.

One old monkey said to another monkey. "Go and pick up the cap of the cap-seller."

A baby monkey came down and picked up that cap, too.



આ વાર્તા કહેતી વખતે Picture Treasure વિભાગમાં આપેલાં ચિત્રોનો ઉપયોગ કરી વાર્તા કહો. ત્યાર બાદ હાવભાવ સાથે વાર્તા કહો. આ વાર્તા વિદ્યાર્થીઓ માટે જાણીતી હોવાથી વાર્તાકથન દરમિયાન ભાષાંતર કરવાની જરૂર જણાશે નહિ.

કોઈ એક બીજી વાર્તા યાદ કરી તેના કથન દરમિયાન કઈ કઈ અંગ્રેજી સૂચનાઓ વાર્તામાં વણી લેશો, તે અહીં નોંધો .

વર્ગમાં કઈ વાર્તા કહેશો ? કઈ કઈ સૂચનાઓ હશે ?

આ વાર્તા માટેનાં ચિત્રો મેળવી 'My Collection' વિભાગમાં ચોંટાડો. ચિત્રોનો ઉપયોગ કરી વાર્તામાં સૂચનાઓ વણી લઈ વાર્તા એક કરતાં વધુ વાર વિદ્યાર્થીઓને સંભળાવો.

## ACTIVITY 5 : Listen, Do and Learn

અત્યાર સુધીની પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓએ સમજેલી અંગ્રેજી સૂચનાઓને વધુ દઢ કરવા અહીં એક પ્રવૃત્તિ આપેલી છે, જેનો હેતુ વિદ્યાર્થીઓ સૂચના મુજબ કંઈક દોરે તે છે.

બોર્ડ પર ચોરસ, ત્રિકોણ, લંબચોરસ, વર્તુળ દોરી તેનાં અંગ્રેજી નામો અનુક્રમે square, triangle, rectangle, circleનું દઢીકરણ કરાવો. આ આકૃતિઓ બોર્ડ પર અનેકવાર દોરી તેની અંગ્રેજીમાં ઓળખ કરાવ્યા બાદ વિદ્યાર્થીઓને Listen and draw પ્રવૃત્તિ કરાવો. ઉપર્યુક્ત શબ્દોનો ઉપયોગ કરી વારાફરતી સૂચનાઓ આપો.

Draw a circle.

Draw a circle in it.

Draw a triangle in the small circle.

Draw a square in the triangle.

વધુ સૂચનાઓ આપી વિદ્યાર્થીઓને અંગ્રેજી સૂચનાઓના શ્રવણનો મહાવરો આપો. વિદ્યાર્થીઓને એકબીજાની આકૃતિઓ સરખાવવા કહો.

વિદ્યાર્થીઓને કુદરતી દૃશ્ય પણ દોરવું ગમે છે. એક દૃશ્ય દોરવા માટેની ક્રમિક સૂચના આપો. આ સૂચનામાં car, temple, play-ground, house, tree, sun, girl, boy જેવા જાણીતા શબ્દોનો ઉપયોગ કરો. ક્રમિક સૂચનાઓ દ્વારા દૃશ્ય દોરાવવા માટેની સૂચનાઓ અહીં નોંધો.

| દૃશ્ય દોરવા માટેની સૂચનાઓ : |
| --- |
| |

તમારી સૂચના મુજબનું ચિત્ર તમે પણ દોરો. તે ચિત્રને 'My Collection' વિભાગમાં ચોંટાડો. વિદ્યાર્થીઓને તેમના ચિત્રની સરખામણી અરસપરસ તથા તમારા ચિત્ર સાથે કરવા કહો.

**ACTIVITY 6 : Learn, Check and Learn**

ઉપરની પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓએ શીખેલી સૂચનાઓ તેઓ સમજ્યા છે કે નહિ તે ચકાસવા માટે કેટલીક સૂચનાઓ બોલો. વિદ્યાર્થીઓને તે અનુસરવા જણાવો. રમતનું વાતાવરણ સર્જવા વર્ગને બે જૂથમાં વહેંચીને પણ આ પ્રવૃત્તિ કરી શકાય. તમે કઈ કઈ સૂચનાઓ આપશો, તે અહીં નોંધો.

| પ્રવૃત્તિ કરાવવા માટેની સૂચનાઓ :<br>ઉદાહરણ : Touch your feet. |
| --- |
| |

## Activity Treasure - 2 What is This ?

આપણી આસપાસની ચીજવસ્તુઓનાં અંગ્રેજીમાં નામ અને તેમની ઓળખ તેમનાં સ્થાન તથા જથ્થા/સંખ્યાની દૃષ્ટિએ વિદ્યાર્થીઓ કરી શકે તે માટેની અંગ્રેજી-અભિવ્યક્તિઓનું સંદર્ભમાં (contextual) શ્રવણ થઈ શકે તે માટે આ યુનિટમાં કેટલીક પ્રવૃત્તિઓ આપવામાં આવી છે. અંગ્રેજી ઇનપુટ દ્વારા This, That, It, What is it ?, Is it ?, These, Those, What are... જેવી અંગ્રેજી-અભિવ્યક્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ ચીજવસ્તુઓને indicate કરતાં શીખવો.

### ACTIVITY 1 : Sing and Dance

આ rhymeનું એકથી વધારે વાર ગાન કર્યા બાદ, તેનું line by line ઝીલગાન કરાવો. આમ, કરાવ્યા બાદ વિદ્યાર્થીઓને જૂથમાં rhyme ગાવા જણાવો. Rhymeના અર્થ મુજબ વિદ્યાર્થીઓ ક્રિયા કરે તે માટે નિદર્શન કરી શકાય. ક્રિયા સાથેના ગાનથી વિદ્યાર્થીઓના મનમાં અંગ્રેજી અભિવ્યક્તિઓના અર્થ સ્પષ્ટ બનશે.



Rat a tat tat
What is that ?
It's your friend-
Your pussy cat.

Rat a tat-tat
What is that ?
Open the door-
It's a cat in a hat !

Rat a tat-tat
What is that ?
Open the door-
for your pussy cat !



હવે નીચેનાં ચિત્રોનો ઉપયોગ કરી rhymeને આગળ વધારો. ચિત્ર બતાવી ગાઓ.

Rat a tat-tat
What is that ?
Open your eyes.
It's a bowl of milk.



નીચેનાં ચિત્રોનો ઉપયોગ કરી rhymeને આગળ વધારવા પંક્તિઓ અહીં બનાવો.







Catને બીજી વસ્તુઓ સાથે જોડી ચિત્રો જાતે બનાવો/વિદ્યાર્થીઓ પાસે બનાવડાવો. (જેમ કે, બિલાડી mobile પર વાત કરતી હોય, બિલાડી carમાં હોય) ચિત્રોને 'My Collection' વિભાગમાં ચોંટાડી, વર્ગ-અધ્યાપન દરમિયાન ચિત્રોનો ઉપયોગ કરી rhymeને ગાઓ, ગવડાવો.

**ACTIVITY 2 : Play and Learn**

ચાલો, વર્ગમાં એક રમત રમીએ. એક બૉક્સ લો. આ છે તમારુ Magic-box. વિદ્યાર્થીઓ પાસે વારાફરતી વસ્તુઓ માંગો. જેમ કે

Give me your pencil, please.
Give me your compass box, please.
Give me the duster, please.

આ રીતે વિદ્યાર્થીઓ અને વર્ગની વસ્તુઓ એકત્ર કરી Magic-boxમાં એક પછી એક મૂકવી. વસ્તુ મૂકતાં પહેલાં દરેક વસ્તુનો પરિચય કરાવવો. જેમ કે

This is a pencil.

હવે આ રમતને આગળ વધારવા વિદ્યાર્થીઓ ન જુએ તેમ એક વસ્તુ હાથમાં લઈ પ્રશ્ન પૂછો.

What is it? or What's in my hand?

પ્રશ્ન સાંભળી વિદ્યાર્થીઓ વસ્તુના અંગ્રેજી ભાગ ઉત્તર રૂપે આપવા અનુમાન કરશે.

વર્ગમાં આવો સંવાદ બનશે.

Teacher : What's in my hand?
Student-1 : A pen?
Teacher : No, it isn't.
Student-2 : An eraser?
Teacher : No, it isn't.
Student-3 : A pencil?
Teacher : Yes, it is.

Magic-boxમાંની દરેક વસ્તુ માટે આ રીતે પ્રશ્ન પૂછી અનુમાન કરાવો.

વર્ગ તથા વર્ગ બહારની કઈ કઈ વસ્તુઓનો ઉપયોગ આ રમતમાં કરશો, તે અહીં નોંધો. (જેમ કે ચમચી - Spoon)

વસ્તુઓ :

**ACTIVITY 3 : Look and Learn**

Picture Treasure વિભાગમાં classroom objectsનાં ચિત્રો અને વર્ગખંડમાં રહેલ objects તરફ point out કરીને નીચેના વાક્યો બોલો :

| ડસ્ટબિનની પાસે જઈને : | ચિત્ર બતાવીને : | ડસ્ટબિનથી દૂર જઈને : |
|---|---|---|
| What is this ?<br>This is a dustbin. | What is it ?<br>It is a dustbin. | What is that ?<br>That is a dustbin. |

આ રીતે ટેબલ, ચૉક, ડસ્ટર, બ્લેકબોર્ડ, બેન્ચિઝ, ફેન, વિન્ડો, ડોર, ક્લૉક, બુક, ચેર-નાં ચિત્રો અને objectsને સાથેસાથે બતાવી આ મુજબ વાક્યો બોલો.

હવે વારાફરતી ચિત્રો બતાવી કે object સામે આંગળી ચીંધી નીચેના પ્રશ્નો પૂછો. વિદ્યાર્થીઓ માત્ર Yes કે Noમાં જવાબ આપશે.

Teacher : Is it a chart ?
Students : Yes.
Teacher : Is it a chair ?
Students : No.
Teacher : Is it a clock ?
Students : No.

Picture Treasure વિભાગમાં zoo, kitchen અને play groundનાં ચિત્રો આપેલ છે. ચિત્રમાંના object પર આંગળી મૂકી પ્રશ્નો પૂછો. તમે કયા કયા પ્રશ્નો પૂછશો, તે અહીં નોંધો.

| ચિત્ર 1 | ચિત્ર 2 | ચિત્ર 3 |
|---|---|---|
|  |  |  |
| પ્રશ્નો | પ્રશ્નો | પ્રશ્નો |
| | | |

હવે વર્ગ / પ્લેગ્રાઉન્ડ / ચિત્રખંડ / પ્રાર્થનાખંડની વસ્તુઓ તરફ આંગળી ચીંધો. વિદ્યાર્થીઓને વારાફરતી This is / That is / It is વાળાં વાક્યો બોલવા કહો. એકથી વધુ વસ્તુઓ તરફ આંગળી ચીંધી વિદ્યાર્થીઓને These are / Those areથી શરૂ થતાં વાક્યો બોલવા કહો. વસ્તુઓ ઉપરાંત Picture Treasure વિભાગમાંથી પણ ચિત્રો બતાવી What is / What are વાળા પ્રશ્નો પૂછી વિદ્યાર્થીઓ પાસેથી જવાબ મેળવો.

ન્યૂઝપેપર અને મૅગેઝિન્સમાંથી આ પ્રવૃત્તિ માટે ઉપયોગમાં લઈ શકાય તેવાં પાંચ ચિત્રો કાપી 'My Collection' વિભાગમાં ચોંટાડો. આ ચિત્રોનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓને અંગ્રેજીના શ્રવણ અને કથનનો મહાવરો પૂરો પાડો.

**ACTIVITY 4 : Listen and Enjoy**

Picture Treasure વિભાગમાંથી AT THE ZOOનું ચિત્ર વિદ્યાર્થીઓને બતાવી નીચેના વર્ણનનું બેથી ત્રણવાર વાચન કરી બતાવો. વર્ણનમાં પ્રાણીનો ઉલ્લેખ થાય ત્યારે વિદ્યાર્થીઓને તેનો અવાજ કરવા સૂચના આપો. (Monkeys - Hoop, hoop)

## AT THE ZOO

This is a zoo. It is big. Those are animals. Look, that is a lion and that is a tiger. These are deer. Those are monkeys. What is there behind the tree ? It is a rabbit. What are those in the pond ? Those are ducks. They are swimming. Look, this is a big compound. These animals are eating grass. Let's go out. Oh...look, that is an ice-cream vendor. Let's go and have ice-cream.



Picture Treasure વિભાગમાં આપેલ Drawing-Roomના ચિત્રના આધારે અહીં વર્ણન નોંધી વર્ગમાં એકથી વધુ વાર વાચન કરો.

ચિત્રોનું વર્ણન :

વાચન બાદ પોતાના વર્ગખંડનું વર્ણન કરવા માટે વિદ્યાર્થીઓ પાસે ત્રણ-ચાર વાક્યો બોલાવડાવો.

**ACTIVITY 5 : Listen, Do and Learn**

તમારા વર્ગને બે જૂથમાં વહેંચો. દરેક જૂથ કેટલાંક object અને ચિત્રો ભેગાં કરશે. દરેક જૂથને વારાફરતી નીચેનામાંથી કોઈ એક પ્રશ્ન ચિત્ર કે objects ને બતાવી પૂછવા કહો :

What is it ?

What is this ?

What are these ?

Is it __________ ?

What is that ?

What are those ?

સામેના જૂથને તેનો જવાબ આપવા કહો. વિદ્યાર્થીઓને જો કોઈ objectનું અંગ્રેજીમાં નામ ન આવડતું હોય, તો તેનો અંગ્રેજી શબ્દ આપો. તમારા વિદ્યાર્થીઓને objects કે ચિત્રોના સંગ્રહ માટે માર્ગદર્શનની જરૂર પડશે. તમે તેમને કઈ કઈ વસ્તુઓનો સંગ્રહ કરવા કહેશો, તે અહીં નોંધો.

સંગ્રહ કરવાની વસ્તુઓની યાદી :

ઉદાહરણ : Marbles, coins, stickers.

આ પ્રવૃત્તિ દ્વારા વધુ ને વધુ objectsનાં નામ અને તેમનાં indication માટેની અંગ્રેજી અભિવ્યક્તિઓનો મહાવરો થશે. બંને જૂથ વચ્ચે ઉત્સાહ વધારવા સાચા પ્રશ્ન અને સાચા ઉત્તરનો 1-1 પોઈન્ટ આપી શકો.

## ACTIVITY 5 : Learn, Check and Learn

વસ્તુઓના નિર્દેશ માટેની અંગ્રેજી-અભિવ્યક્તિના શ્રવણ અને કથનના વધુ મહાવરા માટે વિદ્યાર્થીઓને 'મને ઓળખો'ની રમત રમાડો. વસ્તુનું વર્ણન અભિનય સાથે કરો. વિદ્યાર્થીઓને જવાબ અંગ્રેજીમાં આપવા જણાવો. જેમ કે,

Teacher : There is something in your bag. You write with it. What is it ?

Students : A pen / A pencil.

* * *

Teacher : You play with it. It is round. You play football or cricket with it. What is it ?

Students : A ball.

અન્ય objects માટેનાં ઉખાણાં અહીં નોંધો.

ઉખાણાં :

## Activity Treasure - 3 Grapes : Green and Juicy

આપણી રોજિંદી વાતચીતમાં ઘણી વસ્તુ, વ્યક્તિ અને સ્થળોનું વર્ણન આપણે કરતાં હોઈએ છીએ. અંગ્રેજીમાં આ કાર્ય માટે કેટલીક ચોક્કસ અભિવ્યક્તિઓ છે. tall-short, thin-fat જેવા શબ્દો દ્વારા વ્યક્તિનું વર્ણન કરી શકાય. વસ્તુઓના વર્ણનમાં This table is square. તો That clock is round. કહીએ છીએ. બસ-સ્ટેન્ડ, રેલવે-સ્ટેશન જેવાં જાહેર સ્થળોનાં વર્ણન માટે પણ અંગ્રેજી અભિવ્યક્તિઓ શીખવાની જરૂર છે. આ યુનિટમાં વસ્તુ, વ્યક્તિ અને સ્થળના વર્ણન માટેની કેટલીક અભિવ્યક્તિઓ અને શબ્દોનું શ્રવણ વિદ્યાર્થી પક્ષે મહત્તમ થાય તે માટે પ્રવૃત્તિઓ આપેલી છે. આ પ્રવૃત્તિઓ કરાવી There is, There areની patternsને વધુ દૃઢ પણ કરાવી શકશો. સાથેસાથે વિદ્યાર્થીઓના કાને describing words પણ જેટલા વધુ પડશે, તેટલા વધુ પ્રમાણમાં તેઓ વર્ણન કરવા માટેના output માટે તૈયાર થશે.

### ACTIVITY 1 : Sing and Dance

આ rhymeનું એકથી વધારે વાર ગાન કર્યા બાદ, તેનું line by line ઝીલગાન કરાવો. આમ, કરાવ્યા બાદ વિદ્યાર્થીઓને જૂથમાં rhyme ગાવા જણાવો. Rhymeના અર્થ મુજબ વિદ્યાર્થીઓ ક્રિયા કરે તે માટે નિદર્શન કરી શકાય. ક્રિયા સાથેના ગાનથી વિદ્યાર્થીઓના મનમાં અંગ્રેજી અભિવ્યક્તિઓના અર્થ સ્પષ્ટ બનશે.

### KARSANBHAI HAS A FARM EI-EI-O

Karsanbhai has a farm EI-EI-O,
And on his farm there is a cat EI-EI-O.
With a *meow meow* here,
And a *meow meow* there.
Here a *meow,* there a *meow,*
Everywhere a *meow meow.*



Karsanbhai has a farm EI-EI-O,
And on his farm there is a dog EI-EI-O.
With a *bow bow* here,
And a *bow bow* there.
Here a *bow,* there a *bow,*
Everywhere a *bow bow.*



Karsanbhai has a farm EI-EI-O.
And on his farm there are some cows EI-EI-O.
With a *moo moo* here,
And a *moo moo* there.
Here a *moo,* there a *moo,*
Everywhere a *moo moo.*

હવે આ rhymeમાં animals / birdsનાં નામ ઉમેરી rhymeને આગળ વધારો. તમે આ મુજબ ગાઈ શકો :

Karsanbhai has a farm EI-EI-O.
And on his farm there are some sparrows EI-EI-O.
With a *chi chi* here,
And a *chi chi* there.
Here a *chi* there a *chi,*
Everywhere a *chi chi.*

કોઈ એક animal / bird મૂકી rhymeની પંક્તિ બનાવી અહીં નોંધો :

પંક્તિ :

**ACTIVITY 2 : Listen and Enjoy**

અહીં 'Sour Grapes' વાર્તા આપેલી છે. આ વાર્તામાં કેટલીક વર્ણનસૂચક અભિવ્યક્તિઓ વણી લેવામાં આવી છે. વાર્તા એકથી વધુ વાર વાંચી/કહી સંભળાવો. Picture Treasure વિભાગમાં આપેલ આ વાર્તાનાં ક્રમિક ચિત્રો બતાવીને પણ વાર્તા કહો. ત્યાર બાદ અભિનય સાથે વાર્તા કહો. વાર્તાનું ભાષાંતર કરવાને બદલે અભિનય અને ચિત્રો સાથે તેને સાંકળી શ્રવણ-અર્થગ્રહણને સાહજિક બનાવવું ખૂબ જ જરૂરી છે.

## SOUR GRAPES

This is a fox. It is thin. It lives in the jungle. There are many trees in the jungle. There is a neem tree. It is green. There is a banayan tree. It is huge. There are other animals also. Some are small, some are big.





This is the fox. It is old. See, it is not very young. It is very thin. The fox is hungry. This fox is looking for something. See, he is trying to find something.



There are some grapes here. The grapes are green and juicy. Now, the fox looks happy. See, it jumps up. It wants to eat them. Oh, it can’t reach them.

It jumps again and again. Still, no grapes! The grapes are very high. It jumps again and again.



After sometime, it is tired. It is still hungry. But what can it do ? It looks at the grapes. It says, “Look at these grapes. They are sour. Who will eat sour grapes ?” And it goes away.

ચિત્રો સાથે વાર્તા કહેતી વખતે ચિત્રમાં જે-તે object પર આંગળી રાખશો, તો ચિત્ર આધારિત વાર્તાકથન વધુ અર્થસભર બની રહેશે.

હવે આ જ વાર્તા-ચિત્રોમાં દર્શાવેલા objects પર વારાફરતી આંગળી મૂકી બોલો.

A big tree.
A green tree.
Green grapes.
A thin fox.

આમ એકથી વધુ વાર કરો. ચિત્રોમાંના બીજા કયા objectsનો આ પ્રવૃત્તિ માટે ઉપયોગ કરશો, તે તેના describing words સાથે અહીં નોંધો.

**Objects અને Describing words :**

**ACTIVITY 3 : Look and Learn**

આ પ્રવૃત્તિમાં Picture Treasureમાં આપેલ describing wordsને લગતાં ચિત્રોનો ક્રમ અનુસાર ઉપયોગ કરો. ચિત્રો દ્વારા વિદ્યાર્થીઓને વર્ણન માટેના અન્ય શબ્દોની ઓળખ કરાવો. ચિત્રોમાં a young man, an old man આપેલ છે. ભાષાંતર કર્યા વગર ફક્ત અંગ્રેજી શબ્દો બોલી તેમને ચિત્રોમાં દર્શાવી આપણે બાળકને સમજ પૂરી પાડી શકીએ છીએ.









ચિત્રોનું વર્ણન કરતાં નીચે પ્રકારની patternsનો ઉપયોગ કરો :

"There is / There are..." :

e.g. There is an old lady here. (an old lady - વૃદ્ધ સ્ત્રી તરફ બાળકોનું ધ્યાન દોરો. તેને a young man સાથે સરખાવી તફાવત સ્પષ્ટ કરાવો.)

નીચેનાં વર્ણન કરતાં શબ્દોને તમારા નિદર્શનમાં આવરી લો :

[Old, young, fat, thin, tall, short, yellow, green, big, small, curly (hair), straight (hair)]

ચિત્રો દ્વારા નિદર્શન કર્યા બાદ તમે વર્ગખંડમાં ઉપસ્થિત વસ્તુઓનો અને વ્યક્તિઓનો ઉપયોગ કરી ફરી આ શબ્દોનો મહાવરો કરાવી શકો છો. તમે જે વસ્તુ કે વ્યક્તિનો ઉપયોગ જે શબ્દો માટે કરવાના હો તે અહીં નોંધો. (e.g. red ribbon)

શબ્દો :

### ACTIVITY 4 : Play and Learn

Activity 3માં ઉપયોગ કરેલાં ચિત્રો ફરી અહીંયાં કામમાં આવશે. બાળકો વર્ણનને લગતા શબ્દો સમજી શકે છે કે નહિ તે આ પ્રવૃત્તિમાં ચકાસવામાં આવશે.

તમે કોઈ એક ચિત્ર લો. તે બાળકોને ન દેખાય તે રીતે તમારા હાથમાં રાખો. હવે તેને જોઈ તેમાં રહેલી વસ્તુઓનું વર્ણન કરો. તેના ઉપરથી બાળકોએ guess કરવાનું રહેશે કે ચિત્ર કયું છે. જો બાળકોને ખ્યાલ ન આવે તો clues આપો. જેમ કે, A tall man is at the ticket-window. તમે વર્ણન કરેલ શબ્દોનો ઉપયોગ cluesમાં કરો.

અંતમાં, ફરી વિદ્યાર્થીઓ પાસે ચિત્રો દ્વારા વર્ણનને લગતા શબ્દો બોલવા કહો. તમે કેવા cluesનો ઉપયોગ કરશો તે અહીં નોંધો.

e.g. There are people in this picture. There is a girl with curly hair. There is a fruit-seller. There are buses.

**Clues :**

બીજાં એવાં ચિત્રો શોધો કે જેમનો ઉપયોગ તમે કરી શકો.

### ACTIVITY 5 : Listen, Do and Learn

વિદ્યાર્થીઓને રંગપૂર્તિ માટે colours અને કાગળ આપો. વર્ગને ચાર જૂથમાં વિભાજિત કરો. દરેક જૂથને નીચેમાંનું એક ચિત્ર દોરવા કહો :

1. A fat man and a thin lady
2. A lady with curly hair and a lady with straight hair
3. A big cat and a small dog
4. An old lady and a young man
5. A tall tree and a short tree
6. A long pencil and a short pencil
7. A big bat and a small bat
8. A big table and a small table

વિદ્યાર્થીઓને સૂચના આપો કે તેઓ ચિત્રો એવાં દોરે કે વર્ગ-વાતાવરણમાં વધુથી વધુ રમૂજ પેદા થાય. જેમ કે તેઓ 'a fat man' માટે ખૂબ જ જાડો વ્યક્તિ બનાવે. Cartoon પ્રકારનાં ચિત્રો બનાવવા કહેશો, તો વિદ્યાર્થીઓને વધુ મજા આવશે. તેમને ચિત્રો બનાવવા સમય આપો. ત્યાર બાદ, દરેક જૂથ પોતાના ચિત્રનું વર્ણન કરે. તમે તે પ્રમાણે ચિત્રને label કરો.

ચિત્રો વર્ગખંડની દીવાલ પર પણ લગાવી શકો.

**ACTIVITY 6 : Learn, Check and Learn**

**(a)** હવે તેમને ચિત્રો જોઈ તેનું વર્ણન કરવા કહો. તેમને 'There is / There are' patternનો ઉપયોગ કરવા પ્રેરો. તમે Picture Treasureમાંથી ઉપયોગમાં લેવાય એવા કોઈ પણ ચિત્રોનો ઉપયોગ કરી શકો. જો વિદ્યાર્થીઓ પહેલા 'There is / There are' ઉપયોગમાં લેતા ખચકાય, તો તમે તેની પૂર્તિ કરો. જેમ કે -

Student : A tall tree.

Teacher : Very good. There is a tall tree in the garden.

ન્યૂઝપેપર કે મૅગેઝિનમાંથી આ પ્રવૃત્તિમાં ઉપયોગમાં લઈ શકાય તેવાં ચિત્રો કાપી 'My Collection' વિભાગમાં ચોંટાડો તથા તેનો પ્રવૃત્તિમાં ઉપયોગ કરો.

**(b)** Picture Treasureમાંથી કોઈ પણ વાર્તા કે પ્રવૃત્તિનું colour picture લો. જો ચિત્ર colourful ના હોય તો તમે રંગ ભરો. વિદ્યાર્થીઓ આગળ ચિત્રમાં જે વસ્તુઓ હોય, તેના તરફ નિર્દેશ કરી તેઓને રંગ કહેવાનો છે. આ સમજાવવા સૌપ્રથમ એક-બે વસ્તુઓના રંગ તમે કહો.

This shirt ? - Blue

This ball ? - ________ (હાથથી સંકેત કરી તેમની પાસે જવાબ મેળવો.)

આગળની પ્રવૃત્તિઓમાં આવરી લીધેલ બધા રંગોની practice કરાવો. આ પ્રવૃત્તિ દ્વારા રંગોને લગતા શબ્દોનું દૃઢીકરણ થશે.

તમે પ્રખ્યાત વ્યક્તિઓ, જેમ કે Sachin Tendulkar, Shah Rukh Khan કે Sunita Williamsના રંગીન postersનો ઉપયોગ કરી શકો છો. તમે વર્ગખંડમાંથી વસ્તુઓનો ઉપયોગ પણ કરી શકો છો.

## Activity Treasure - 4 — Where Is It?

વર્ગમાં જઈ તમે જ્યારે વિદ્યાર્થીઓને કહેશો કે તમારી બુક ક્યાં છે. ત્યારે કેટલાંક જવાબ આપશે 'બૅગમાં', કેટલાંક કહેશે, 'બૅન્ચ પર'. અંગ્રેજીમાં સ્થાનનિર્દેશ માટે in, on, under, near જેવા સ્થાનદર્શક શબ્દોનો ઉપયોગ થાય છે. મૂળ પ્રશ્ન 'Where is it ?'ના પ્રત્યુત્તર માટે ઉપયોગી અંગ્રેજી-અભિવ્યક્તિઓનું શ્રવણ વિદ્યાર્થી પક્ષે મહત્તમ થાય તે હેતુસર આ યુનિટમાં કેટલીક પ્રવૃત્તિઓ આપેલ છે. ચિત્રો, ક્રિયા, રમત, rhyme અને પ્રવૃત્તિઓ દ્વારા અંગ્રેજીમાં સ્થાનનિર્દેશ કરવા માટે બાળકોને તૈયાર કરીએ.

**ACTIVITY 1 : Sing and Dance**

આ rhymeનું એકથી વધારે વાર ગાન કર્યા બાદ, તેનું line by line ઝીલગાન કરાવો. આમ, કરાવ્યા બાદ વિદ્યાર્થીઓને જૂથમાં rhyme ગાવા જણાવો. Rhymeના અર્થ મુજબ વિદ્યાર્થીઓ ક્રિયા કરે તે માટે નિદર્શન કરી શકાય. ક્રિયા સાથેના ગાનથી વિદ્યાર્થીઓના મનમાં અંગ્રેજી અભિવ્યક્તિઓના અર્થ સ્પષ્ટ બનશે.

### PUT YOUR RIGHT FOOT IN

Put your right foot in.
Put your right foot out.
Put your right foot in,
And shake it all about.
Do the honkey ponkey
and turn yourself around.
That's what it's all about.

Put your left foot in.
Put your left foot out.
Put your left foot in,
And shake it all about.
Do the honkey ponkey
and turn yourself around.
That's what it's all about.

Put your right hand in.
Put your right hand out.
Put your right hand in,
And shake it all about.
Do the honkey pnokey
and turn yourself around.
That's what it's all about.

Put your left hand in.
Put your left hand out.
Put your left hand in,
And shake it all about.
Do the honkey ponkey
and turn yourself around.
That's what it's all about.

Put your whole self in.
Put your whole self out.
Put your whole self in,
And shake it all about.
Do the honkey ponkey
and turn yourself around.
That's what it's all about.

બીજી ક્રિયાઓનો ઉપયોગ કરી rhymeને આગળ વધારવા પંક્તિઓ અહીં બનાવો :

પંક્તિઓ -

**ACTIVITY 2 : Listen and Enjoy**

The Lost Ball વાર્તા અહીં આપેલ છે. આ વાર્તામાં સ્થળનિર્દેશને લગતાં શબ્દો અને અભિવ્યક્તિઓ વણી લેવામાં આવી છે. આ વાર્તા તમે બાળકોને ક્લાસ બહાર લઈ જઈને કહી શકો. વાર્તામાં જે-જે સ્થળોનો નિર્દેશ આપેલ છે, તે સ્થળનો શક્ય હોય તો નિર્દેશ કરી બતાવો.

## THE LOST BALL



Archit has lost his ball. He goes into the playground and asks Mr John, "Have you seen my ball ?"

Mr John says, "There's a ball near the swing."

Archit says, "No, that's not my ball. My ball is yellow."



He goes into the classroom and ask Shaan, "Have you seen my ball ?"

Shaan says, "There's a red ball in the cupboard." "No, that's not my ball. My ball is yellow," says Archit.

Archit goes to the garden and asks the gardener, "Have you seen my ball ?"

The gardener replies, "There's a yellow ball in the bamboo." "No, that's not my ball. My ball is big."





The gardener says, "There's a yellow ball under the banayan tree."

"That's not my ball, my ball is big and yellow. And it has black dots on it," says Archit.

The gardener says, "There's a big yellow ball with black dots under Ms Pathan's car."

"That's my ball," cries Archit.



આ વાર્તાઓ કહેતી વખતે Pircture Treasure વિભાગમાં આપેલાં ચિત્રોનો ઉપયોગ કરી વાર્તા કહો. ભાષાંતર કરવાના બદલે વસ્તુઓ બતાવી (yellow ball) કે ચિત્રોનો ઉપયોગ કરી શબ્દોનો અર્થ પરોક્ષ રીતે સ્પષ્ટ કરો.

## ACTIVITY 3 : Look and Learn

વાર્તામાં આવેલ સ્થળનિર્દેશને લગતા શબ્દોનું વધુ દૃઢીકરણ આ પ્રવૃત્તિમાં થાય છે. વસ્તુઓનો ઉપયોગ કરી demonstration દ્વારા આ કરવાનું છે. બની શકે તો વાર્તામાંના ball જેવો ball વર્ગખંડમાં લાવો, નહિ તો તેના ચિત્રનો ઉપયોગ કરો.

બીજી એવી વસ્તુઓ લઈ જાઓ, જેની ઓળખ વિદ્યાર્થીઓ અંગ્રેજીમાં કરી શકે. અમુક વસ્તુઓ એકથી વધુ સંખ્યામાં લો. એક મોટા કોથળા કે બૅગમાં તે લઈ જાઓ. તેનાથી બાળકોમાં રસ અને જિજ્ઞાસા જાગશે. બૅગ વિશે કુતૂહલ પેદા કરો જેથી બાળકો તેમાં રહેલ વસ્તુઓ વિશે વિચારતા થાય. (બૅગમાંથી yellow ball કાઢી શરૂઆત કરો.)

"A ball. This is a ball."

"It is Archit's ball."

"This is a yellow ball."

"This ball is in my hand."

બાળકોને ball દેખાડી વારંવાર ball માટે વાપરેલ સ્થળનિર્દેશ શબ્દો પર તેમનું ધ્યાન દોરો. આ પ્રવૃત્તિ દરમિયાન આખા વર્ગખંડમાં ફરો. હવે ball ફરી બૅગમાં મૂકી દો અને કહો-

"Now, the ball is in the bag."

બીજો ball બૅગમાંથી બહાર કાઢો. વિદ્યાર્થીઓને દેખાડીને કહો –

"This is a green ball. This is a ________ ball."

"This is a __________ ball."

"These are balls."

(અહીંયાં These are પર ભાર મૂકીને બોલો. વિદ્યાર્થીઓને This is અને These are વચ્ચેનો તફાવત સમજાવો.)

બધા ball પાછા મૂકીને કહો –

"Now, where are the balls ? In the bag ............. in the bag."

બૅગમાં મૂકેલ બીજી વસ્તુઓનો ઉપયોગ કરી નીચે પ્રમાણેનાં સ્થળનિર્દેશોનું નિર્દેશન કરો :

| | |
|---|---|
| in the cupboard | on the table |
| on the bench | on the chair |
| on the fan | under the fan |
| under the bench | near the blackboard |
| near the door | near the window |
| in the bag | in the book |

'in, on, under, near'નો ઉપયોગ કરી વધુ સ્થળનિર્દેશ દર્શાવતી અભિવ્યક્તિઓ અહીં બનાવો. તેમને અહીં લખો :

સ્થળનિર્દેશ કરતી અભિવ્યક્તિઓ :

## ACTIVITY 4 : Play and Learn

પેન, બુક, પર્સ, ડસ્ટર, ચૉક જેવી વસ્તુઓ લો. દરેક વસ્તુની સંખ્યા 4 હોવી જરૂરી છે. આમ ના બની શકે એવું હોય તો તે વસ્તુનાં ચાર ચિત્રો રાખો. વર્ગને ચાર જૂથોમાં વહેંચો. દરેક જૂથમાં વસ્તુઓનો એક સેટ આપો. દરેક જૂથ પોતાને મળેલ ચીજો જુદી જુદી જગ્યાએ મૂકે, તેવી સૂચના આપો. તેમને ક્યાં મૂકવી તેની માટે જગ્યાઓ સૂચવો. જેમ કે, ટેબલ પર, બૅન્ચ નીચે વગેરે. હવે તમે આંખ બંધ કરો. વિદ્યાર્થી ચીજો મૂકી દે પછી, આંખ બંધ રાખી પૂછો –

"Where is the ________? Where is it ?"

દરેક જૂથ પોતપોતાના જવાબ આપશે. દરેક જૂથનો જવાબ તેમણે મૂકેલી વસ્તુની જગ્યા અનુસાર આપવો જરૂરી છે. અલગ-અલગ જૂથના જવાબો ચકાસો. સાચા જવાબ માટે જૂથને 1 અંક મળે. તેઓ આ પ્રમાણે જવાબ આપે –

'on the table', 'under the bench' etc.

તમારે ધ્યાન રાખવું કે, બધા સ્થળનિર્દેશ કરવાના શબ્દો ઉપયોગમાં આવ્યા હોય. એવું બની શકે છે કે વિદ્યાર્થી એકના એક સ્થળનિર્દેશ શબ્દનો ઉપયોગ કરે. આ પરિસ્થિતિમાં શિક્ષકે બાકી રહેલાં સ્થળનિર્દેશોને આવરી લેવાં. આમ કરવા માટે નીચે પ્રમાણે કરી શકો. શિક્ષક વસ્તુ (e.g. pen) લઈને કહેશે –

"Look carefully. I am putting this __________ in another place."

"Where is it now?"

વિદ્યાર્થીઓના જવાબ માટે રાહ જુઓ.

## ACTIVITY 5 : Look and Learn

આ પ્રવૃત્તિમાં Picture Treasureમાં મૂકેલ ચિત્રોનો ઉપયોગ કરો. દરેક ચિત્ર સાથે તેને લગતું વાક્ય કહી, તે સ્થળનિર્દેશનું ચિત્ર દ્વારા દઢીકરણ કરાવો.



Rehana is holding a kitten in her hands.



Now, the kitten is sitting on Rehana's school-bag.

Now, she is under the school-bag.



Where is the kitten now ?

Oh, now she is hiding behind Rehana.






Rehana is in her school. The kitten is standing in front of the school-gate.




Now, where is the kitten ? Tell me.

The kitten is ___________

___________________.

## ACTIVITY 6 : Listen, Do and Learn

આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓએ શિક્ષકે દર્શાવેલ ચિત્ર જોડે વાક્યો જોડવાના રહેશે. Picture Treasureમાં આપેલ સ્થળનિર્દેશને લગતાં ચિત્રો લો. એક ચિત્ર વિદ્યાર્થીઓને બતાવો. તેને લગતું વાક્ય બોલો. જો તે સાચું હશે તો વિદ્યાર્થીઓ જોર જોરથી હસશે અને જો વાક્ય ચિત્ર સાથે સંકળાયેલું ન હોય તો પોતાના કાન બંધ કરી દઈ ન સાંભળવાનો ડોળ કરશે.



e.g. Teacher : The pen is under the table.

આ સાંભળી વિદ્યાર્થીઓ સમજશે કે શિક્ષકનો જવાબ ખોટો છે, એટલે તેઓ કાન બંધ કરશે.



The book is on the table.



The cat is standing near the tree.



The dog is under the chair.



The fish is in the water.

જો વિદ્યાર્થીઓનો જવાબ ખોટો હોય, તો તમે સાચો જવાબ આપી દેવાને બદલે બીજા વિદ્યાર્થીઓને પ્રયત્ન કરવા પ્રેરશો. અંતમાં દરેક સાચું વાક્ય તેના યોગ્ય ચિત્ર જોડે વાંચો. આમ એકથી વધુ વાર કરી શકો.

'My collection' વિભાગમાં આ પ્રવૃત્તિ માટે ઉપયોગ કરી શકો તેવાં ચિત્રો ન્યૂઝપેપર કે મૅગેઝિનમાંથી કાપીને ઉપયોગ કરો.

## ACTIVITY 7 : Learn, Check and Learn

આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓ સ્થળનિર્દેશને લગતા શબ્દો અને patternsનો ઉપયોગ પોતે કરશે. વિદ્યાર્થીઓને જોડીઓમાં પ્રવૃત્તિ કરવા કહો. એક વિદ્યાર્થી આંખ બંધ કરે. બીજો વિદ્યાર્થી એક પેન લઈ તે કોઈ જગ્યાએ મૂકે.

પહેલો વિદ્યાર્થી પૂછે –

Is it on the table ?

બીજો વિદ્યાર્થી જવાબ આપે –

Yes, it is.

or

No. it isn't.

આ પ્રવૃત્તિ આપતા પહેલા બે વિદ્યાર્થીઓને વર્ગ આગળ બોલાવી પ્રવૃત્તિનું નિદર્શન કરાવો. પ્રવૃત્તિ દરમ્યાન વર્ગમાં ફરી ધ્યાન રાખો કે બધા વિદ્યાર્થી પ્રવૃત્તિ સમજ્યા છે. 'પેન'ના બદલે તમે કોઈ પણ બીજી વસ્તુનો ઉપયોગ કરી શકો છો.

# Activity Treasure - 5 My Classroom, My Teacher

આપણા રોજબરોજના વાર્તાલાપમાં 'આ મારું છે, 'આ તારું છે' જેવા ભાવવાળી અભિવ્યક્તિઓ એક કે બીજા સ્વરૂપમાં આપણે કરતાં હોઈએ છીએ. અંગ્રેજીમાં પોતાની કે બીજાની માલિકીનો નિર્દેશ કરવા માટે કેટલાંક ચોક્કસ શબ્દો અને અભિવ્યક્તિઓ છે. જેમ કે I have---, You have---, My, Your વગેરે. આ યુનિટમાં આપણે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓ પોતાના possessions વિશે શ્રવણ અર્થગ્રહણ કરી શકે તથા પોતાની / અન્યની માલિકીની ચીજવસ્તુઓ વિશે અંગ્રેજીમાં થોડું બોલી શકે તેવી સુવિધા ઊભી કરવામાં આવી છે.

## ACTIVITY 1 : Sing and Dance

આ rhymeનું એકથી વધારે વાર ગાન કરાવ્યા બાદ તેનું line by line ઝીલગાન કરાવો. આમ, કરાવ્યા બાદ વિદ્યાર્થીઓને જૂથમાં rhyme ગાવા જણાવો. Rhymeના અર્થ મુજબ વિદ્યાર્થીઓ ક્રિયા કરે તે માટે નિદર્શન કરી શકાય. ક્રિયા સાથેના ગાનથી વિદ્યાર્થીઓના મનમાં અંગ્રેજી અભિવ્યક્તિઓના અર્થ સ્પષ્ટ બનશે.

Nod your head, Nod, nod, nod.
Blink your eyes, Pat, pat, pat.
Click your tongue, Ta, ta, ta.
Smake your lips, Bla, bla, bla.
Shrug your shoulders, Shrug, shrug, shrug.
Shake your hands, Shake, shake, shake.
Snap your fingers, Snap, snap, snap.
Twist your waist, Twist, twist, twist.
Tap your knees, Tap, tap, tap.
Stamp your feet, Stamp, stamp, stamp.
Jump on your place, For five times.
Laugh with me, As much you like.



આ rhymeમાં કેટલાક body parts આપેલા છે. વર્ગમાં અન્ય બૉડી પાર્ટ્સ જેવા કે hands, legs, nose, shoulders, fingersની ઓળખ ક્રિયા દ્વારા કરાવો. જેમ કે હાથ બતાવી કહો : my hand. વિદ્યાર્થીનો હાથ બતાવીને કહો : your hand.

આ ઉપરાંત અન્ય પાર્ટ્સની ઓળખ કઈ રીતે કરાવશો, તે અહીં નોંધો :

**ACTIVITY 2 : Play and Learn**

વર્ગને જૂથમાં વહેંચો. પતંગ, સાઇકલ, પુસ્તક, ડસ્ટર જેવી વસ્તુઓ અથવા તેના ફ્લેશકાર્ડ્સ દરેક જૂથમાં આપો. દરેક વિદ્યાર્થીને એક વસ્તુ અથવા ફ્લેશકાર્ડ મળે તે જોવું. વારાફરતી એક-એક જૂથ વર્ગસમક્ષ આવે અને નીચે પ્રમાણે પોતાની વસ્તુ અથવા ફ્લેશકાર્ડ વિશે વાક્યો બોલશે :

(A) Tushar : I have a bicycle.
Neeta has a kite.
Divyesh has a duster.

(B) Rita : I am Rita.
I have a compass-box.
She is Rusan.
She has a sketch-pen
He is Joy.
He has a notebook.

ઉપર આપેલી વસ્તુઓ સિવાય અન્ય કઈ કઈ વસ્તુઓનાં ફ્લેશકાર્ડ્સ બનાવીને આ રમત રમી શકાય, તેની નોંધ નીચેના બૉક્સમાં કરો :

| વસ્તુઓની નોંધ : |
|---|

**ACTIVITY 3 : Look and Learn**

Picture Treasure વિભાગમાં classroomની વસ્તુ તરફ point out કરીને નીચેનાં વાક્યો બોલો. એક પછી એક વિદ્યાર્થી ઊભા થઈને બતાવેલી વસ્તુ અને વસ્તુનું બોલેલું નામ સાચું છે કે નહિ તે (Yes, No) અથવા non-verbal સંકેત દ્વારા બતાવશે.

My <u>bat.</u>
I have <u>a bat.</u>

હવે આ પ્રવૃત્તિ તમારી બાજુમાં એક વિદ્યાર્થીને ઊભો રાખીને પણ કરી શકાય. વિદ્યાર્થી હાથમાં ફ્લેશકાર્ડ પકડશે અને તમે કહેશો. આ પ્રવૃત્તિમાં તમે જાણી જોઈને ખોટાં વિધાનો પણ મૂકો.

He has a bat. અથવા She has a bat.

આ વાક્યોનો સાંકેતિક જવાબ વિદ્યાર્થી verbal અથવા non-verbal સંકેત દ્વારા આપશે.

**ACTIVITY 4 : Listen and Enjoy**

THE HONEST WOODCUTTER વાર્તા અહીં આપેલી છે. આ વાર્તામાં ઘણી સૂચનાઓ સમાવવામાં આવી છે. વાર્તાકથન દરમિયાન અભિનય કરી, તેના અર્થગ્રહણને વધુ સઘન બનાવશો.

## THE HONEST WOODCUTTER

Once there was a woodcutter. He used to go to the forest and cut wood. One day when he was cutting the wood near the river, his axe fell into the river. He started crying for the axe.



The goddess of river appeared before him and showed him an axe made of gold and asked, "Is this your axe ?"



The woodcutter replied, "No, it is not."

Then, she went into the river and came out with an axe made of silver. She again asked, "Is this your axe ?"



The woodcutter replied, "No, it is not."

Again she went into the river and came out with an iron axe.



Again she asked, “Is it your axe ?”

The wood cutter said, “Yes, it is my axe.” The goddess was pleased with him and gave him the other two axes also.

આ વાર્તા કહેતી વખતે Picture Treasure વિભાગમાં આપેલાં ચિત્રોનો ઉપયોગ કરી વાર્તા કહો. ત્યાર બાદ action સાથે વાર્તા કહો.

કોઈ એક બીજી વાર્તા યાદ કરી તેના કથન દરમિયાન કઈ કઈ અંગ્રેજી સૂચનાઓ વાર્તામાં વણી લેશો, તે અહીં નોંધો.

સૂચનાઓ :

**ACTIVITY 5 : Listen, Do and Learn**

અત્યાર સુધીની પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓએ સમજેલી અંગ્રેજી સૂચનાઓને વધુ દૃઢ કરવા અહીં એક પ્રવૃત્તિ આપેલી છે. બોલો અને વિદ્યાર્થીઓને તેમના વિશે બોલવા કહો.

## Listen and Repeat

I am ______________________.

My name is __________________.

I have two (eyes/ears/hands/legs).

I have one (nose/head/tongue).

This is my bicycle.

This is my friend.

He/She has a bicycle.

This is my school.

**ACTIVITY 6 : Learn, Check and Learn**

વર્ગના વિદ્યાર્થીઓને 6-6નાં જૂથમાં વહેંચાઈ જવા જણાવો. દરેક વિદ્યાર્થી 1-1 ઑબ્જેક્ટ હાથમાં લઈ વર્તુળમાં ઊભા રહેશે. દરેક ઑબ્જેક્ટનાં અંગ્રેજી નામ એકબીજાને કહેશે. જો વિદ્યાર્થીઓને પોતાના ઑબ્જેક્ટનાં નામ ન આવડતાં હોય તો તમે જણાવશો. ત્યાર બાદ દરેક ગ્રૂપને વારાફરતી આગળ બોલાવી આ મુજબ વાક્યો બોલવા કહો :

I am Chintan.
I have a cap.
This is my cap.
You are Sanju.
You have a bottle.
This is your bottle.

દરેક વિદ્યાર્થી પાસે વારાફરતી આ મુજબનાં વાક્યો બોલાવો. જરૂર જણાય તો તમે નિર્દેશન કરી શકો.

# Activity Treasure - 6 　　　 I Like English

આપણને ગમતી વસ્તુઓ અને ક્રિયાઓ વિશે અન્યને જણાવવા આપણે હંમેશાં ઉત્સુક હોઈએ છીએ. તમારા વિદ્યાર્થીઓને શું ગમે છે?, શું નથી ગમતું ? તથા અન્યને શું ગમે છે તે અંગેની તપાસ કરવાની જરૂર તેમના રોજિંદા જીવનમાં પડવાની જ છે. આ યુનિટમાં તેમને I like, I don't likeની અભિવ્યક્તિઓ દ્વારા તેમના ગમા-અણગમા રજૂ કરવાની સુવિધા ઊભી કરતી પ્રવૃત્તિઓ આપેલી છે. Rhyme, વાર્તા, ચિત્રોની મદદથી આ અભિવ્યક્તિઓનું શ્રવણ સઘન બને તથા પૂરતા શ્રવણ બાદ તેના કથન માટે તેઓ થોડા તૈયાર થાય તે માટે ચાલો, કેટલીક પ્રવૃત્તિઓ કરીએ, કરાવીએ.

## ACTIVITY 1 : Sing and Dance

આ rhymeનું એકથી વધારે વાર ગાન કરાવ્યા બાદ તેનું line by line ઝીલગાન કરાવો. આમ, કરાવ્યા બાદ વિદ્યાર્થીઓને જૂથમાં rhyme ગાવા જણાવો. Rhymeના અર્થ મુજબ વિદ્યાર્થીઓ ક્રિયા કરે તે માટે નિદર્શન કરી શકાય. ક્રિયા સાથેના ગાનથી વિદ્યાર્થીઓના મનમાં અંગ્રેજી અભિવ્યક્તિઓના અર્થ સ્પષ્ટ બનશે.

### I LIKE DANCING

I like dancing (2)
　　Oh! don't you ?
Lift your hands and turn around (2)
　　Following the music.

You like playing (2)
　　I like, too.
Pick the ball and throw it far (2)
　　Breaking all the records.

She likes drawing (2)
　　Colourful and new.
Take the colours you like (2)
　　Draw the smiling moon.

Rhymeમાં દર્શાવેલ dancing, playing અને drawing જેવી ક્રિયાઓ મૂકી આ Rhyme ને એકથી વધુ વાર ગાઓ અને ગવડાવો. તમે બનાવેલી પંક્તિઓ અહીં નોંધો.

પંક્તિઓ :

**ACTIVITY 2 : Play and Learn**

વર્ગખંડમાં Find someone who likes _____ રમત રમાડો. આ રમત શરૂ કરવા એક વાક્ય બોલો.

Find someone who likes to play Kabaddi.

વિદ્યાર્થી પોતાના સ્થાનેથી ઊભા થઈ બીજાને પૂછશે –

Do you like Kabaddi ?

જે વિદ્યાર્થી એવાં પાંચ નામ સૌપ્રથમ શોધી કાઢે, તેને વિજેતા જાહેર કરો. હવે બીજું વાક્ય બોલો.

Find someone who dislikes Kabaddi.

વિદ્યાર્થીઓને ઉપર મુજબ કરવા જણાવો.

તમે આવાં બીજાં વાક્યો મૂકી રમતને આગળ વધારી શકો.

Find someone who likes red colour.

Find someone who likes *garba*.

Find someone who dislikes watching TV.

Find someone who dislikes doing homework.

આવાં બીજાં કયા વાક્યો રજૂ કરશો, તે અહીં નોંધો :

વાક્યો :

**ACTIVITY 3 : Look and Learn**

Picture Treasure વિભાગમાંથી કોઈ પણ ચિત્રનો ઉપયોગ કરીને નીચેની પ્રવૃત્તિ કરો :

કોઈ એક રમતને લગતાં ચિત્ર લઈને પૂછો :

Do you like ______________?

વિદ્યાર્થીઓને Yes, I like________ અથવા No, I don't like ____________માં જવાબ આપવા કહો.

હવે વારાફરતી ફળ, શાકભાજી અને રંગોના ફ્લૅશકાર્ડ લઈ આ પ્રવૃત્તિ કરો.

Newspaper અથવા Magazineમાંથી આ પ્રવૃત્તિ માટે ઉપયોગમાં લઈ શકાય તેવાં પાંચ ચિત્રો કાપી, 'My Collection' વિભાગમાં ચોંટાડો. આ ચિત્રોનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓને શ્રવણ અને કથનનો મહાવરો પૂરો પાડો.

**ACTIVITY 4 : Listen and Enjoy**

THE CAMEL AND THE FOXની વાર્તા અહીં આપેલી છે. વર્ગસમક્ષ આ વાર્તાકથન દરમિયાન ક્રિયાઓ કરી તેના અર્થગ્રહણને વધુ ને વધુ સઘન બનાવશો.

## THE CAMEL AND THE FOX



There was a camel and a fox. They were friends. They lived on the river bank. The camel lived near the farm of sugarcane. The fox lived on the other side of the river.



The camel liked sugarcane. The fox liked sugarcane too. So, everyday the camel would cross the river and carry the fox to the farm on his back. One day they entered a farm. They enjoyed eating the sugarcane. After that they went back.



This thing went on for several days. One night, they ate a lot of sugarcane. The fox started singing. The camel said, "Oye ! don't sing like this. The farmer will come and beat us." But the fox kept singing. The farmer came there. The fox ran away from there. But the camel could not. The farmer beat the camel.



When they were returning, the fox was on the camel's back. The camel asked, "Why did you sing ?" The fox said, "I like singing after a meal." After a while the camel started to roll-over. The fox asked, "Why are you rolling ? I don't know swimming." The camel replied, "I like bathing after a meal, the way you like singing after a meal."

આ વાર્તા કહેતી વખતે Picture Treasure વિભાગમાં આપેલાં ચિત્રોનો ઉપયોગ કરી વાર્તા કહો. ત્યાર બાદ હાવભાવ સાથે વાર્તા કહો.

કોઈ એક બીજી વાર્તા યાદ કરી તેના કથન દરમિયાન કઈ કઈ અંગ્રેજી સૂચનાઓ વાર્તામાં વણી લેશો, તે અહીં નોંધો.

સૂચનાઓ :

**ACTIVITY 4 : Listen, Do and Learn**

વર્ગમાં વિદ્યાર્થીઓને રમત-રમતમાં અંગ્રેજીનો ઉપયોગ કરવાની તક મળે, તો તેમને વધુ મજા પડે. તમારા વર્ગને બે જૂથમાં વહેંચી દો. બંને જૂથને નામ આપવા કહી શકાય.

આ બંને જૂથમાંથી ત્રણ-ત્રણ વિદ્યાર્થીઓ એવા હશે કે જૂથની પાછળ ઊભા રહેશે અને શિક્ષકના સંકેત સાથે જ દોડીને સામે મૂકેલ ફ્લૅશકાર્ડને હાથ અડાડશે. (અગાઉની પ્રવૃત્તિઓ માટે સૂચવેલા ફ્લૅશકાર્ડનો ઉપયોગ તમે કરી શકો. તમે સ્વયં પણ ન્યૂઝપેપર કે મૅગેઝિનમાંથી ચિત્રો કાપી ફ્લૅશકાર્ડ બનાવી શકો.) સૌથી પહેલા હાથ અડાડનાર વિદ્યાર્થીના જૂથને 1 પૉઇન્ટ મળે. હવે તમે પૉઇન્ટ મેળવેલ જૂથના એક વિદ્યાર્થીને Hello કહો. તે વિદ્યાર્થી તમને જે-તે ફ્લૅશકાર્ડ બતાવી Do you like ___________? પૂછશે. હવે જો તમારો જવાબ No, I don't like __________ હોય, તો પાછળ ઊભેલા વિદ્યાર્થીઓ કોઈ પ્રતિક્રિયા નહિ બતાવે. પરંતુ જો શિક્ષકનો જવાબ Yes, I like_______ હોય, તો પાછળ ઊભા રહેલા વિદ્યાર્થીઓ દોડીને સામે મૂકેલ ફ્લૅશકાર્ડને હાથ અડાડશે. જે જૂથનો વિદ્યાર્થી પહેલા આમ કરશે તે જૂથને 1 પૉઇન્ટ આપી રમતને આગળ વધારો.

## ACTIVITY 6 : Listen and Enjoy

બ્લેકબોર્ડ પર નીચેનાં સંકેતો દોરો :

અગાઉની પ્રવૃત્તિઓ માટે સૂચવેલા કે વર્ગખંડમાં ઉપલબ્ધ ચીજવસ્તુઓ વિદ્યાર્થીઓને વારાફરતી બતાવી બ્લેકબોર્ડ પર દોરેલા Like કે Dislike સંકેત તરફ આંગળી ચીંધો. વિદ્યાર્થીઓને વારાફરતી ચિત્ર/વસ્તુ તથા સંકેતને સાંકળી I like... અથવા I dislike... બોલવા કહો.




■ ■ ■

# Section II
# Picture Treasure



Activity Treasure-1, Picture-1



Activity Treasure-1, Picture-2



Activity Treasure-1, Picture-3



Activity Treasure-1, Picture-4



**Activity Treasure-1, Picture-5**



Activity Treasure-1, Story-Picture-1



**Activity Treasure-1, Story-Picture-2**



Activity Treasure-1, Story-Picture-3



Activity Treasure-1, Story-Picture-4



Activity Treasure-2.1, Picture-1



Activity Treasure-2.1, Picture-2



Activity Treasure-2.1, Picture-3



Activity Treasure-2.1, Picture-4



**Activity Treasure-2.3, Pictures : Classroom Objects-1**



**Activity Treasure-2.3, Pictures : Classroom Objects-2**



**Activity Treasure-2.3, Picture-1**



**Activity Treasure-2.3, Picture-2**



Activity Treasure-2.3, Picture-3



Activity Treasure-2.4, Picture-1



Activity Treasure-2.4, Picture-1


Activity Treasure-3, Story-Picture-1



Activity Treasure-3, Story-Picture-2



Activity Treasure-3, Story-Picture-3



Activity Treasure-3, Story-Picture-4



Activity Treasure-3.3, Picture-1




Activity Treasure-3.3, Picture-2



Activity Treasure-3.3, Picture-3



Activity Treasure-4, Story-Picture-1



**Activity Treasure-4, Story-Picture-2**


Activity Treasure-4, Story-Picture-3



Activity Treasure-4, Story-Picture-4



Activity Treasure-4, Story-Picture-5



**Activity Treasure- 4.5, Picture-1**



**Activity Treasure- 4.5, Picture-2**



Activity Treasure- 4.5, Picture-3



Activity Treasure- 4.5, Picture-4



Activity Treasure-4.5, Picture-5



Activity Treasure-4.5, Picture-6



Activity Treasure-4.6, Picture-1



Activity Treasure-4.6, Picture-2



Activity Treasure-4.6, Picture-3



Activity Treasure-4.6, Picture-4



**Activity Treasure-5, Story-Picture-1**



Activity Treasure-5, Story-Picture-2



Activity Treasure-5, Story-Picture-3



**Activity Treasure-5, Story-Picture-4**



Activity Treasure-6.3, Picture-1



Activity Treasure-6.3, Picture-2



Activity Treasure-6.3, Picture-3


Activity Treasure-6.3, Picture-4



**Activity Treasure-6, Story-Picture-1**



**Activity Treasure-6, Story-Picture-2**



Activity Treasure-6, Story-Picture-3


Activity Treasure-6, Story-Picture-4



**Activity Treasure-6.5, Pictures : Food Items**



Activity Treasure-6.5, Pictures : Vegetables and Fruits



**Activity Treasure-6.5, Pictures : Colours**